
सत्यं वद ॥ ॐ श्री सच्चिदानंद माधवानंद सद्‌गुरुभ्यो नमः ॥ धर्मं चर

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ ભાદરવો, સપ્ટેમ્બર– ૨૦૧૭ અંક – ૯



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી
હરિદ્વાર કુંભપર્વ ઈ.સ.૧૯૯૮ માં સંતો ભકતો સાથે વિચરતા.

સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૯ / સપ્ટેમ્બર-૨૦૧૭/ અંક-૦૯


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | વેદાંતની દ્રષ્ટિએ હનુમાન — પ.પૂ. બ્રહ્માનંદસાગરજી મહારાજ |
| ૯ | અમૃત બિંદુ |
| ૧૧ | તમે કોણ છો — લેખક - શિવ |
| ૧૪ | પ. પૂ. સ્વામીજીના પ્રવચનામૃત — ગોરધનભાઈ જે. ગાબાણી |
| ૧૫ | ગુરૂ પૂર્ણિમા — કાળુભાઈ એ. કોશિયા |
| ૧૬ | જન્માષ્ટમી — વાલજીભાઈ દેવશીભાઈ |
| ૧૮ | એક જ બ્રહ્મનું સ્વરૂપ — પ.પૂ. સ્વામી શ્રી દેવાનંદ સાગરજી મહારાજ |
| ૧૯ | માણસાઈની પસંદગી — લવજીભાઈ કે. સવાણી |
| ૨૦ | ક્રોધની એક મીનીટ — વિભૂતી વી., દવે |
| ૨૧ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર — સંકલિત |




## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

विदिता न मया विशदैककला न च किञ्चनकाञ्चिनमस्ति गुरो।
द्रुतमेव विधेहि कृपां सहजां भव शङ्करदेशिक मे शरणम्॥८॥

હે સદ્‌ગુરો! આપની એક પણ શુભ્રકલા મેં સ્પષ્ટ જાણી નહિ; અર્થાત્ આપના ઉજ્જવળ જ્ઞાનનો એક ભાગ (અંશ-ટુકડો) પણ હું જાણી શક્યો નથી. હે પ્રભો! મારી પાસે કિંચિન્માત્ર કાંચન પણ નથી; હું સર્વથા અકિંચન છું; જેથી આપને સમર્પણ કરવા યોગ્ય કોઈ પણ ઉપહાર લાવી શકું તેમ નથી. હે નાથ! માત્ર હું આપની વારંવાર નમસ્કારપૂર્વક સ્તુતિ-સેવા કરું છું. સુખ કરવાવાળા હે શંકર ગુરો! આપ મારું શરણ (આશ્રય) થાઓ; અને મારા ઉપર શીઘ્ર જ સ્વાભવિકી કૃપા કરો, જેથી આપના અનુગ્રહથી મારું આજે જ શ્રેય કલ્યાણ થાય.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત—૩૯૫ ૦૦૬

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર—૧,
કતારગામ રોડ, સુરત—૩૯૫ ૦૦૪.
ફોન નં.:— (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | — |
| સહાયક | ૩૦૦૦ | — |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ)

**આદ્ય તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો,**
**કાર્યને કારણ તું જ કહાવે;**
**એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,**
**હરિહર બ્રહ્મા એમ ગાવે, અખિલ...**

એટલા માટે બધામાં એક અખંડ પરમાત્મા છે એમ મંગળમય ભાવના કરવી. ભેદ ઊભો કરે તો.

'मृत्यो: स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।'

કે જુદા જુદા જે જોવે છે એને મૃત્યુ થાય છે અને બધુ બ્રહ્મ જોવે છે એ અમર થઈ જાય છે. એટલા માટે 'હું ભગવાનથી જુદો છું' એ ભ્રાંતિ કાઢી નાખવી. નદી સાગર ભેગી ભળીને જેમ સાગર બની જાય એમ ભગવાન ભેગું ભળી જવું.

'ભેદ મિટાવો દુજા' 'અંતર રાખે તો ફળ નહિ ચાખે.'

**''કહે પ્રીતમ સદ્ગુરુ સેવતાં,**
**ટળે અંતર એકરસ થાય, બ્રહ્મરસ પીજીએ.''**

(સ્વામી પ્રીતમદાસજી)

તો સોનુ ને હારમાં જેમ જુદાપણું નથી દોરા ને કપડામાં જેમ જુદાપણું નથી.

**પટતંતુ ન્યારો નહિં, જેમ હાટકનો હાર,**
**જડ ચેતન જગદીશમાં, તેજ પુંજ એકતાર.**
**અરસ પરસ રહે એકમાં, જેમ તરણિમાં તેજ,**
**ભિન્ન નહિં એમ બ્રહ્મથી, ઓળખો પદ એજ.**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી...** (સ્વામી પ્રિતમદાસ)

'તરણિમાં' તો તરણિ એટલે 'સૂરજ' ને તેજ. તો સૂરજનું તેજ જેમ સૂરજથી જુદું હોતું નથી. એમ પરમાત્માનું તેજ આખું જગત છે. (એટલે તે) પરમાત્માથી જુદું નથી. કે અરસ પરસ એક મેકમાં સમાય રહેલું છે. એટલા માટે (જેમ) સૂરજમાં તેજ અને તેજમાં સૂરજ, દોરામાં કપડા ને કપડામાં દોરા, હારમાં સોનું ને સોનામાં હાર જેમ અરસ પરસ એક બીજામાં છે. એમ આખુ જગત બધાની અંદર ઓત પ્રોત એક અખંડ બ્રહ્મ સ્વરૂપ છે.

मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किंचन ।
मृत्यो: स मृत्युं गच्छति य इह मानेव पश्यति ॥
११॥ ॥ २-१-११ ॥

યમરાજા કહે છે કે મનથી એવું દ્રઢ કરી લ્યો કે બધુ જ બ્રહ્મરૂપ છે. શું કરી લેવું ? બોલો ? મનમાં દ્રઢ કરી લેવું.

**વાળી ગાંઠ ન છુટે, નિયમ લીધો ન તૂટે;**
**સંસાર શોને શિર ફૂટે, સત્સંગ કીજીએ રે.**

એક ગાંઠ વાળી લેવી પાકું મનમાં દ્રઢ કરી લેવું કે બધું જ બ્રહ્મ સ્વરૂપ છે. જો મનની અંદર એવી વાત દ્રઢ કરશોને તો પછી પાકું થશે. ને મનમાં નહિ માનો તો પછી કેટલું સમજશો તોય એમનામ પડયું રહેશે એટલે કહે છે કે 'मनसैवेदमाप्तव्यं' શુદ્ધ મન દ્વારા જે વાસના વગરનું મન હોય એને અનુભૂતિ થાય છે. જયાં સુધી અશુદ્ધ મન હોય ત્યાં સુધી સમજાતું નથી.

અશુદ્ધ-કામ, ક્રોધ, લોભ વાળું હોય એ અશુદ્ધ કહેવાય.

''अशुद्धं काम संकल्पं, शुद्धं काम विवर्ज्तिम् ।''

એટલા માટે કામ, ક્રોધ, લોભ, મોહ રહિત મનને બનાવવું.

**કામં ક્રોધં લોભં મોહં,**
**ત્યક્ત્વામાનં ભાવયસોહમ્,**
**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં,**
**ગોવિન્દં ભજ મૂઢમતે.**

(ચર્પટ પંજ-૨)

તો કામ, ક્રોધ, લોભ, મોહ મટાડીને જે ચિંતન કરે (કે) 'હું કોણ છું' એને સાચી ઓળખાણ થઈ જાય છે. એટલે કામ, ક્રોધ, લોભને દૂર કરીને બધુ બ્રહ્મ જ સ્વરૂપ છે એવું દ્રઢ કરી લેવું. નહિ કરે તો શું ? ... કહે છે કે-

''मृत्योः स मृत्युगच्छति य इह नानेव पश्यति ।''

કે જે જુદા જુદા ધર્મો જે છે (એ એમ માને છે) કે ભગવાન જુદા રહે છે ને હું જુદો રહું છું. બેયમાં ભેદ સમજવાવાળા જીવો વાર વાર મૃત્યુને પ્રાપ્ત થાય છે. કેમ કે અલ્પતા થાય છે.

'યદ્ અલ્પં તદ્ મર્ત્યં વદ્ મર્ત્યં તદ્ દુઃખમ્ ।'

બ્રહ્મ ભેગા ભળી જાય તો પૂર્ણ થઈ જાય, તો પૂર્ણને પછી આવા-ગમન ન હોય. મરવાનું-જન્મવાનું ન હોય. કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. એટલા મટે અખંડ બ્રહ્મરૂપ થઈને રહેવું.

**''અખંડમંડલાકારં વ્યપ્તં યેત ચરાચરમ્:**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ''**

(શ્રી ગુરુગીતા)

**''અખંડ સ્વરૂપે હરિને ઓળખ્યા રે,**
**સરીયા મારા સઘળા કાજ રે,**
**સદ્ગુરુને શરણે આવતાં રે.**
**આનંદ વાધ્યોને રંગ ઉલટ્યો રે,**
**પ્રગટ્યા છે પૂરણ બ્રહ્મ રે, સદ્ગુરુને.....''**

(આનન્દ)

તો વેદમાં વિશ્વાસ કરવો એ મુખ્ય વિષય છે જે લોકો વેદનું ઉપનિષદનું માનતા નથી એને ચામડાની આંખે એક છે એવું સમજાતું નથી. તો સર્વમાં એક છે એમ સમજવું એ ઉત્તમ જ્ઞાન છે સાત્વિક જ્ઞાન છે.

**સર્વભૂતેષુ યેનૈકં, ભાવમવ્યયમીક્ષતે,**
**અવિભક્તં વિભક્તેષુ,તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્વિકમ્.**

(ગીતા-અ-૧૮-૨૦)

સર્વ ભૂતોની અંદર એક અવ્યય પરમાત્મા છે. અવ્યય એટલે વધે નહિ અને ઘટે નહિ એવું એક અખંડ તત્ત્વ બધામાં વ્યાપી રહેલું છે. એવું જેને જ્ઞાન થાય છે. એ સાત્વિક જ્ઞાન કહેવાય છે અને એ **'જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિ'** એવું જ્ઞાન જેને મળી જાય એને પછી શાંતિ થઈ જાય. એના બધા કામો સિધ્ધ થઈ જાય. **'સરીયા મારા સઘળા કાજ'** તો સઘળા કામમાં બે કામ મુખ્ય છે કે દુઃખને દૂર કરવું ને સુખનો અનુભવ કરવો. સુખ મેળવવું ને દુઃખને દૂર કરવું. તો બધું જ બ્રહ્મ સ્વરૂપ છે એમ સમજી જાવ તો પછી બ્રહ્મ આનંદ આનંદ ને આનંદ સ્વરૂપ છે. એટલે સુખ મળી ગયું અને દુઃખ બધુ દૂર થઈ ગયું. પછી હું શરીર છું ને હું જન્મું છું ને મરું છું, ઘરડો થયો છું ને ભૂખ્યો થયો છું ને તરસ્યો થયો છું મને ટાઢ છે તડકો છે એમ દેહ દ્રષ્ટિ જેટલી કરશે એટલા જીવો દુઃખી થા થા કરશે.

**'દેહની મમતા દૂર કરીને આતમને ઓળખતો જા,**
**આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા.**
**ત્રણ દેહથી અળગો રહેજે,**
**જીવન મુક્ત થવાને કાજે,**
**શુદ્ધ બુદ્ધ નીજ રૂપ નિહાળી,**
**અખંડ આનંદ અનુભવતો જા,**
**આવ્યો છે તું આ સંસારે...'** (સ્વામીજી)

**'ત્રણ દેહથી અળગો કરીને, મોક્ષ ગતિના દેનાર,**
**અતિશય મને પ્રભુ ભજન પર પ્યાર (૨)'**

(લજ્જારામ)

તો ત્રણ શરીરથી આત્માને અલગ સમજવો. એ આત્મા હું છું. જે બધાને જાણે છે બધાની અંદર વ્યાપક છે. આનંદરૂપ છે. પૂર્વ બ્રહ્મ સ્વરૂપ છે એ બ્રહ્મ એક અખંડ છે. એવી મંગળમય ભાવના કરવી એ જ

વાતને વિશેષ સમજાવે છે.

हृदयपुण्डरीकस्थ ब्रह्म

अङ्गुष्ठमात्रः पुरूषो मध्य आत्मनि तिष्ठति ।

ईशानो भूतभव्यस्य न ततो विजुगुप्सते ॥

एतद्वै तत् ॥ १२ ॥ ॥ २-१-१२ ॥

કે જે અંગુષ્ઠ માત્ર અંતઃકરણ જે અંદર છે એની અંદર સર્વ વ્યાપક હોવા છતાં જેની ઉપાધિને લઈ એની જેવો જ દેખાતો છતાં ભૂતને ભવિષ્યને ને વર્તમાનને બધાને જાણવાવાળું તત્ત્વ છે એ જ અખંડ છે પૂર્ણ છે એ આનંદ સ્વરૂપ છે અને એ જ આત્માને જાણીને ફરીન એને પોતાની રક્ષા કરવાની ચિંતા રહેતી નથી. 'न ततो विजुगुप्सते ।' એને પછી પોતાની રક્ષાનો ભય મટી જાય છે કેમ કે 'એને' અભય પદ પ્રાપ્ત થઈ જાય છે.

किं - च-

अङ्गुःष्ठमात्रः पुरूषो ज्योतिरिवाघूमकः ।

ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्वः ॥

एतद्वै तत् ॥ १३ ॥ ॥ २-१-१३ ॥

જે જ્યોતિ સ્વરૂપ છે. અંધકારથી રહિત જે છે. જે પુરુષ સ્વરૂપમાં 'पूर्णत्वात्पुरुष' અને અંતઃકરણની ઉપાધિવાળો હોવાથી નાનો લાગે છે તો સર્વ વ્યાપક પણ છે ને નાનાથી નાનો છે ને મોટાથી મોટો છે. 'अणोश्णीयान्महतो महीया' મહાનથી મહાન છે ને નાનાથી નાનો છે જેવી ઉપાધિ હોયને એવો એ ભાસિત થઈ જાય. જેમ અગ્નિ હોયને લાકડું નાનું હોય તો તમને નાનો અગ્નિ લાગે અને લાકડું મોટું હોય તો... આગળ મંત્ર આવશે.

अग्निर्यथैको भुवनं प्रविष्टो,

रूपं रूपं प्रतिरूषो बभूव ।

एकस्तथा सर्वभूतान्तरात्मा,

न लिप्यते लोकदुःखेन बाह्यः ॥

॥ २-२-६ ॥ (કઠોપનિષદ્)

આ ઉપનિષદમાં આગળ મંત્ર આવશે. અત્યારે ટૂંકમાં સમજી લો. અગ્નિ જેમ એક હોવા છતાં ઉપાધિથી નાનો મોટો દેખાય એમ એક જ આત્મા અખંડ સર્વની અંદર છે. તો જે પૂર્ણ હોવાથી પુરુષ છે. જયોતિ સ્વરૂપ છે. અંધકારથી જે રહિત છે ને 'इशानो भूतभव्यस्य ।' અને ભૂત, ભવિષ્ય, વર્તમાન બધાનો શાસન કરવા વાળો છે. (એ જ બ્રહ્મ છે.) એવું સમજ્યા પછી ફરીન એને રક્ષા કરવાની ચિંતા રહેતી નથી. એટલા માટે 'स एवाद्य स उ श्वः।' કે જે અત્યારે પણ છે ને કાલે પણ એનો એ રહેવાનો છે કોઈ બદલાતો નથી. તો ખાસ કરીને કહ્યું હતું ને (નચિકેતાએ) કે આત્મા મરે છે કે રહે છે કે નથી રહેતો. તો એનો ઉત્તર અહીં બતાવી દીધો. (આત્મતત્ત્વ) હંમેશા છે છે ને છે. આજય એ છે ને કાલેય એ રહેશે. કોઈ દિ' એ મરતો નથી. જન્મતો નથી. હંમેશા આત્મતત્ત્વ છે છે ને છે. એ બધાથી જુદો હોવા છતાં બધાની અંદર વ્યાપી રહેલો છે.

भेदापवाद

यथोदकं दुर्गे वृष्टं पर्वतेषु विधावति ।

एवं धर्मान्पृथक्परपंस्तानेवानुविधावति ॥ १४ ॥

॥ २-१-१४ ॥

જેમ 'दुर्ग' એટલે જે ચારે તરફથી ઘેરાયેલો પહાડ, 'दुर्ग' એટલે ચાલી ન શકાય એવી જયા હોય. ડુંગરા એની અંદર પાણી પડે ને જુદું જુદું થઈને સુકાઈ જાય અને એ પાણીની કિંમત રહે નહિ. એમ જે આત્માને જુદા જુદા સમજી લેને એ વેરવિખેર થઈ જાય ને એની કોઈ કિંમત થતી નથી. અને એક જ અખંડ આત્મા બ્રહ્મ છે એ સમજી લે તો જેમ સારામાં પાણી ગયેલું શુદ્ધ પાણી રહે છે એમ શુદ્ધ ભાવમાં રહે એનું જીવન શુદ્ધ બને છે. એટલા માટે કહે છે 'दुर्गम्' જે ખરાબ ભૂમિમાં ગયેલું પાણી જેમ પર્વતોમાં ચારે તરફ વિખરાય જાય અને કોઈ દિ' એની કિંમત રહેતી નથી અને

अभेददर्शनकी कर्तव्यता

यथोदकं शुद्धे शुद्ध मासिक्तंताद्गेव भवति ।

एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ॥ १५ ॥

॥ २-१-१५ ॥

કે શુદ્ધ વાસણમાં પાણી નાખેલું હોય તો શુધ્ધ ને શુધ્ધ રહે એમ શુધ્ધ ભાવમાં જો રહો અને શુધ્ધ બ્રહ્મ દ્રષ્ટિ જ રાખો. અંતઃકરણ શુધ્ધ રાખો અને દ્રષ્ટિ

પણ શુધ્ધ રાખો તો બ્રહ્મ તો શુધ્ધ જ છે. બ્રહ્મમાં કાંઈ અશુધ્ધિ આવતી નથી. પણ દ્રષ્ટિ જો બગડેલી હોય અંતઃકરણ બગડેલું હોય એમાં જો તમે બ્રહ્મ રાખવા જાવ તો કાંઈ શુધ્ધ રહેતું નથી કેમ કે મન મલિન હોય તો એમાં તો સારું હોય એ પણ મોળું દેખાવા લાગે છે.

**મલિન અંતરમાં છે અંધારૂં, અજવાળું ન મળે,**
**ઈન્દુ અર્કને પીળો દેખે, પોતાને કમળે.**
(સ્વામી પ્રીતમદાસ)

જેમ કમળો પીળો હોય તો જે ધોળું હોય એ પણ પીળું દેખાય એમ મલિન જેનું મન હોય એને પરમાત્મા શુદ્ધ હોવા છતાં અશુદ્ધ દેખાય આત્મા બધે હોવા છતાં એને નાનો દેખાય સરખો નો દેખાય ભેદ દેખાય અને સાચી જયારે અંતઃકરણ શુદ્ધ થઈ જાય ત્યારે 'एकमेवा द्वितीयं ब्रह्म ।' એક અખંડ બ્રહ્મ છે એમ દેખાય. જેમ આંખમાં કાંઈ કણું કણું (પડયું) ન હોય તો એક જ ચંદ્રમાં દેખાય અને આંખમાં કણું પડે તો ચંદ્રમા એક હોય તોય બે દેખાવા લાગે.

एक चंद्र द्वितीयवत् प्रतिभाति ।

એટલે કહે છે,

'एवं मुनेर्विजानत आत्मा भवति गौतम ।'

કે શુધ્ધ મન અંતઃકરણ જેને હોય એને આત્મજ્ઞાન દ્રઢ થઈ જાય છે. એ સર્વ બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.

આ રીતે કઠોપનિષદ્‌ની ચોથી વલ્લી અહીં શ્રવણ કરાવી પંચમી વલ્લીની અંદર આત્માનું ફરીન એનું એ નિરુપણ કરે છે.

इति
श्रीमत्परमहंसपरिव्राजकाचार्यगोविन्दभगवत्पूज्य पादशिष्य- श्रीमदाचार्यश्री शंकरभगवतः कृतौ कठोपनिषद्भाष्ये द्वितीयाध्याये प्रथमावल्लीभाष्यं समाप्तम् ॥१॥ (४)

---

## द्वितीया वल्ली

प्रकारान्तरसे ब्रह्मानुसन्धान

पुरमेकादशद्वार मजस्यावक्रचेतसः ।
अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते ॥
एतद्वै तत् ॥ ॥ २-२-१ ॥

'अजस्य' કે જે અજન્મા અવિનાશી જે આત્મા 'अवक्रचेतसः' જેનું ચિત્ત સરલ હોય.

**''સરલ સ્વભાવ ન મન કટુલાઈ,**
**યથા લાભ સંતોષ સદાઈ.''**

જેનું ચિત્ત સ્થિર અને સુંદર સારું હોય એવું જે છે એને 'एकादशद्वारम्' કે આ શરીર છેને એ એકાદશ દ્વારવાળું છે. કંઈ નવ દ્વાર, કંઈ દસ દ્વાર કંઈ એકાદશ દ્વાર એમ જુદી જુદી રીતે વર્ણન છે શરીરના. એટલે જેટલી ઈન્દ્રિયો છેને એ બધા એના દ્વારો કહેવાય. જુદા જુદા. કંઈ નવ દરવાજા કહે...

**પંચરંગી બંગલો રે, શોભા તો ત્હેની સરસ બની,**
**એ બંગલાને દસ દરવાજા દશ દરવાજે એક નિશાન,**
**બ્રહ્મા વિષ્ણુ અરજ કરે છે, શેષ ન પામે પાર,**
**અલકિત એવો રે, શી કહું વાત એહ તણી;**
**પંચ રંગી...** (ધીરા ભક્ત)

પંચ રંગી એટલે પાંચ ભૂતનો પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ. એમાં દસ દરવાજા એટલે દસ ઈન્દ્રિયોના દસ દસવાજા અને એકાદશ કહે તો બ્રહ્મરંધ્રનો અગિયારમો સમજવો એટલે આ બધા દરવાજાવાળું આ શરીર એનું છે અને એ એની અંદર રહે છે. 'अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते ।' અને અમર આત્માનું અનુષ્ઠાન કરીને કે **'હું અમર છું હું શુદ્ધ છું હું મુક્ત છું અકર્તા છું અભોક્તા છું શુદ્ધાત્મા છું.'** એમ આત્માનું બરોબર ગુરુ જે જ્ઞાન આપે એનું અનુષ્ઠાન કરીને એટલે દ્રઢ કરીને મનુષ્ય 'न शोचति विमुक्तश्च विमुच्यते ।' કે એ મુક્ત છે. પોતે મુક્ત છે અને બીજાને પણ મુક્ત કરી શકે છે. મુક્ત થઈને બીજાને મુક્ત કરે છે. 'एतद्वै तत् ।' કે એ જ મૂળ તત્ત્વ બ્રહ્મતત્ત્વ છે કે જે હંમેશા બધાની અંદર વ્યાપી રહેલું છે સર્વની અંદર છે. એ સમજવા માટે આગળ કહે છે.

हम् सः शुचिषद्वसुरन्तरिक्षसद्धोता वेदिषदतिथि दुरोणसत् । नृषदरसदतसद्व योमसदब्जा गोजा ऋतजा अद्रिजा ऋतं बृहत् ॥ २ ॥

॥ २-२-२ ॥

**(ક્રમશઃ)**

# વેદાંતની દૃષ્ટિએ હનુમાન

**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદસાગરજી મહારાજ**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જે હનુમાનરૂપી મન પ્રભુનાં ચરિત્ર તથા અવતારોની કથા સાંભળવામાં આતુર છે. જેને કેવળ આત્મા રામ ચરિત્ર સાંભળવાની જીજ્ઞાસા છે. તેના હૃદયમાં રામરૂપી વિવેક બધી મર્યાદાનું પૂર્ણ પાલન અને લક્ષ્મણ એટલે પૂર્ણ વૈરાગ્યનું પ્રતીક છે. આટલો ત્યાગ કોણ કરી શકે જે રામાયણમાં આ પાત્ર વૈરાગ્યનું સ્વરૂપ દર્શાવે છે. જ્યારે સીતાને ષટ્ સંપત્તિ રૂપ છે. શમ, દમ, તિતિક્ષા, ઉપરતી, શ્રદ્ધા, સમાધાન, આ ષટ્સંપત્તિરૂપ સીતા સહિત જેના હૃદયમાં પ્રભુ બિરાજે તે હનુમાનજી જે ધારે તે કામ કરી શકે છે.

**સૂક્ષ્મરૂપ ધરિ સિયહિ દિખાવા,**
**વિકટ રૂપ ધરિ લંક જલાવા**

ષટ્ સંપત્તિ રૂપ સમગ્ર સંસારથી ઉપરામ થઈ અહંકારની નગરી લંકામાં કેવલ શાંત સ્વરૂપે અશોક વનમાં, વાટીકામાં સીતાના દર્શન પહેલા આ હનુમાન રૂપી મનને થાય છે. તે હનુમાન આત્મ દર્શન કરાવે છે. શાંતિરૂપી સીતાનાં દર્શન કરાવે છે. એજ મન હનુમાન, અહંકારરૂપી રાવણની જીવનરૂપી લંકાને જલાવે છે અને શાંતિરૂપી સીતાને રામની નિશાની આપી મુદ્રિકા જે રામ નામની મુદ્રિકા દ્વારા સીતા સુધી પહોંચી ગયા તે હનુમાનરૂપી મન ત્યાંથી સીતાની આપેલી નિશાની લઈને રામ પાસે આવીને બન્નેની એકતાના સમાચાર આપે છે.

**ભીમ રૂપ ધરિ અસુર સંહારે ।**
**રામચંદ્ર કે કાજ સંવારે ॥**

જ્યારે હનુમાન રૂપી મન સ્થુળ રૂપ ધારણ કરે છે. તેની પહેલા સૂક્ષ્મરૂપ ધરી ઝીણું બની તનુમનસા નામની ત્રીજી ભૂમિકામાં મન સૂક્ષ્મ બનીને સીતાનાં દર્શન કરે છે અને કરાવે છે. શાંતિ રૂપી સીતાનાં દર્શન ત્યારે જ થાય છે કે બીજી ભૂમિકા વિચારણાથી તનુ મનસામાં જઈ મન ઝીણું થાય છે. ત્યારપછી પુનઃ સ્થૂળ ભીમરૂપ ધરી અસુર એટલે અસુ... પ્રાણને પોષવા વાળા અસુર કેવલ શરીર સુખમાં સુખ બુદ્ધિ રાખવાવાળા અસુરનો સંહાર કરે છે. અર્થાત્ દેહભાવનો નાશ કરીને આત્મભાવનાં કામ કરે છે. રામચંદ્રના કામ કરે છે.

**લાય સંજીવની લખન જિયાયે,**
**શ્રી રઘુવીર હરષિ ઉર લાયે ॥**

જ્યારે રાવણ રૂપી અહંકાર અને પૂર્ણ રૂપ બ્રહ્મસ્વરૂપ રામ જે અસ્તિ, ભાતિ, પ્રિય, બ્રહ્મનું રૂપ છે. તે રામ અસ્તિત્વથી રામનું અસ્તિત્વ છે. અહંકારનું અસ્તિત્વ નથી તેથી તેની એકતાના યુદ્ધમાં જ્યારે અહં બ્રહ્માસ્મિ જેવા નાદથી ખોટી ગર્જના કરનાર અહંકારથી ઉત્પન્ન થયેલો હું કાર નાદ કરનાર મેઘસમાન નાદ કરનાર કે હું જ બ્રહ્મ છું. જે શાસ્ત્ર દ્વારા અપરા વિદ્યાનો વિદ્વાન રાવણ દેહમાં સુખ બુદ્ધિવાળો રાવણ મેઘનાદનો બાપ બને છે અને અપરાવિદ્યારૂપી શક્તિનો ઉપાસક મેઘનાદ ઈન્દ્રને જીતનારો ઈન્દ્રજિત પણ કહેવાય છે તો જે તત્વમસિ જેવા વેદનાં મહાવાક્યનું પૂર્ણ પરા વિદ્યાથી અનુભવમાં ડૂબ્યો નથી. છતાં જે મેઘનાદ અપરા વિદ્યાના જ અનુભવથી જીવ દશામાં રહેવા છતાં જે અહમ્ બ્રહ્માસ્મિ જેવા નાદ દ્વારા પોતાને પરા વિદ્યારૂપી શક્તિનો ઘાત કરી પૂર્ણરૂપ રામનો ભાઈ લક્ષ્મણ જે પરમ તત્વનો અંશ છે.

**ઈશ્વર અંશ જીવ અવિનાશી,**
**ચેતન અમલ સહજ સુખ રાસી** (રામાયણ)

તેના ઉપર ઘાત કરે છે અને જીવદશાનો નાશ કરી ફરે છે. હવે વ્યવહારિક સત્તામાં જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી કોઈ પણ જીવ જીવ થઈને વ્યવહારનાં કાર્ય કરે છે.

(ક્રમશઃ)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પારાશર મુનિએ તપ કરવાનો સંકલ્પ કર્યો. નદી કિનારે આવતા રાત પડી ઢીંમર બાળાને લઈ નદી ઉતરતાં હોડીમાં મુનિએ કામાંધ બની કામક્રીડા કરી. મુનિને પાછળથી પસ્તાવો થયો, કિનારે આવતા ભાગ્યા. મત્સગંધાએ જવા દીધા નહીં. મુનિ શરમાયા કરગરી મુનિએ કહ્યું મને જવા દે! તને મારા ભેળી નહીં રાખી શકું મને માફ કરી દે જે બન્યું તે ખરૂં અરે! જરા વારના તારા સહવાસથી મારા સદ્‌વિચાર, વૈરાગ્ય, જ્ઞાન ગુમ થઈ ગયા હું ભાન ભુલી ગયો. માટે મને જવા દે. મત્સ્યગંધા કહે છે, જો મને મુકીને જશો તો તમોને આત્મહત્યાનું પાપ આપીશ. પારાશર મુનિ કહે છે, મને જલ્દી જવા દે હું તને આશીર્વાદ આપું છું કે દુઃખી નહી થાય તું અહીં રહી તપ કર. તને મારા આશીર્વાદથી ભગવાનના અવતારરૂપ વ્યાસ નામે પુત્ર થશે તારૂં મત્સ્યગંધા નામ મટી યોજન ગંધા નામ થશે. હસ્તિનાપુરનો રાજા શંતનુ તને વરશે. આવા મોટા મોટા ઋષિ મુનિઓને કામે કલંક લગાડ્યો છે. કામ એ અંતરશત્રુ છે. મોક્ષમાર્ગનો વિરોધી છે.

સૌભરી મુનિ યમુનાજીના ધરા પર રહી તપ કરતા એક દિવસ જળમાં માછલાંનો સંગ જોવાથી આંખમાં કામ વ્યાપ્યો. માંધાતાને પચાસ કન્યાઓ હતી સૌભરીએ પચાસ કન્યાઓ સાથે લગ્ન કર્યા. સૌભરી ઋષિએ ઘણા વર્ષો સુધી ભોગ ભોગવ્યા પાછળથી ભાન થયું કે, મે, ખોટું કર્યું. ઋષિને વૈરાગ્ય આવ્યો તે સર્વનો ત્યાગ કરી વનમાં ગયા. સૌભરી ઋષિએ જગતને બોધ આપ્યો કે કામીનો સંગ કદિ પણ કરવો નહીં. જેને મોક્ષની ઈચ્છા હોય તેણે વિકાર વાસના તજી સદ્‌ગુરુ શરણ લઈ જ્ઞાન પ્રાપ્ત કરી જીવન જીવવું.

**આશા નામ નદી મનોરથજલા**
**તૃષ્ણા તરંગા કુલા ।**
**રાગગ્રાહ વતી વિતર્કવિહગા**
**ધૈર્યદ્રુમુ ધ્વંસની ॥**

આશા રૂપી નદી, મનોરથ રૂપી જળ, તૃષ્ણા રૂપી મોજા, તર્ક રૂપી મગર તથા પક્ષી મોહ રૂપી વમળ ચિંતા રૂપી કિનારે ઉભેલા વૃક્ષોને પાડનારા છે. આ સંસારરૂપી ભયંકર નદીમાં મનરૂપી ભમરો તણાઈ રહ્યા છે. યોગીજન નદી પાર કરી શકે.

**ગુરૂ બીન જ્ઞાન વિચાર ન આવે ।**
**ગુરૂ બીન કોઈ મુક્તિ ન પાવે ॥**
**ગુરૂસે અહંકાર ઉર ધારી ।**
**કરે વિવાદ મૂઢ અવિચારી ॥**
**જો નહીં ગુરૂકો મસ્તક નમાવે ।**
**સો નર અજગર કો તન પાવેં ॥**
**જો ગુરૂકો તજી ઔર હુ ધ્યાવે ।**
**હોય દરિદ્રિ અતિ દુઃખ પાવે ॥**

પૃથ્વીમાં એવું કોઈ દ્રવ્ય નથી કે જેના વડે ગુરૂએ આપેલ એકાદ અક્ષરનું ઋણ ચુકવી શકાય. જન્મ આપનાર પિતા અને બ્રહ્મજ્ઞાન આપનાર પિતા એ બંને પિતઓમાં બ્રહ્મજ્ઞાન આપનાર પિતા શ્રેષ્ઠ હોય છે. કારણકે આ લોક અને પરલોકમાં સ્થાયી રહેનાર એક બ્રહ્મ છે. જ્ઞાનરૂપી દીપક પ્રગટાવનાર ગુરૂ સાક્ષાત્ ભગવાન છે. તેમાં જેની મનુષ્યરૂપ દુર્બુદ્ધિ થાય છે. તેનું બધુ કરેલું વ્યર્થ જાય છે.

**શિવે રૂષ્ટે ગુરૂસ્ત્રાતા ગુરૂ રૂષ્ટે નકશ્ચન્**

જો શિવ કોપાયમાન થાય તો ગુરૂ બચાવી લે છે, પણ ગુરૂ કોપાયમાન થાય તો જગતમાં બચાવનાર કોઈ નથી. માટે કોઈ દિવસ ગુરૂનો દ્રોહ

ન કરવો. જો મનુષ્ય ગુરૂનો દ્રોહ કરે છે, તે દરિદ્રી થાય છે, અને મર્યા પછી બ્રહ્મ હત્યારાના લોકમાં જાય છે.

**હરિ ગુરૂ નિંદા સુને જો કાના,**
**પાપ હોય ગૌ ઘાત સમાના ।**
**હરિ ગુરૂ નિંદક દાદૂર હોઈ,**
**જન્મ સહસ્ત્ર પાવે તન સેઈ ॥**

એક દિવસ સ્વર્ગનો રાજા ઈન્દ્ર ઈન્દ્રાસન પર બેઠો હતો, તે વખતે દેવોના ગુરૂ બૃહસ્પતિની પધરામણી થઈ. ગુરૂ પધાર્યા છતાં સત્તાના અભિમાનમાં ઈંદ્રે ઉભા થઈ ગુરૂનો આદર સત્કાર કર્યો નહીં, ગુરૂને માનની ઈચ્છા હોય નહી પરંતુ ઈંદ્રસભામાં પોતાનું અપમાન થયું જાણી ગુરૂજી દેવોનો ત્યાગ કરી જતા રહ્યા. જતાં જતાં ક્રોધાવેશમાં ઈન્દ્રને કહ્યું, હે મદાંધ ઈંદ્ર ''જા તું દરિદ્ર થશે.''

ત્યારબાદ દેવતાઓ અને અસુરો વચ્ચે ભીષણ લડાઈ થઈ, દેવો હાર્યા અને સ્વર્ગનું રાજ્ય અસુરોએ લઈ લીધું. બધા દેવો મળી બ્રહ્માજી પાસે આવ્યા, અમારૂ સ્વર્ગનું રાજ્ય અસુરોએ બળજબરી કરી પડાવી લીધું છે, હવે અમારે શું કરવું?

બ્રહ્માજીએ કહ્યું - ''હે દેવો! તમોએ ઈન્દ્ર સભામાં ગુરૂનું અપમાન કર્યું છે. તે શાપથી તમો દરિદ્ર થયા છો.

**જાકે રક્ષક ગુરૂ ધની સકે કાહ કરિ ઔર ।**
**હરિ રૂઠે ગુરૂ શરણ હૈ ગુરૂ રૂઠે નહી ઠૌર ॥**

હે દેવો! હજી પણ સમજીને કોઈ બ્રહ્મનિષ્ઠને ગુરૂ માની બૃહસ્પતિજીની ગાદી પર બેસાડો એવો બ્રહ્મનિષ્ઠ ત્વષ્ટા પ્રજાપતિનો પુત્ર છે, જેને ગુરૂ માની તેનો આશ્રય કરો તેનું નામ વિશ્વરૂપ છે. જેથી તમારૂ કામ સરળ થશે.

**યહ વિધિ ગુરૂ કે શરણ હોય,**
**કરે નિરંતર સેવ ।**
**ગુરૂ સમ જાને ઔર નહી,**
**ત્રિભુવનમેં કોઈ દેવ ॥**

બ્રહ્મના આદેશ મુજબ બધા દેવો વિશ્વ રૂપ પાસે આવ્યા. ગુરૂ ગાદી આપી. વિશ્વરૂપે દેવોને નારાયણ કવચ આપ્યું. તે કવચના પ્રતાપે દેવોએ ગયેલું રાજ્ય પાછું મેળવ્યું. યુદ્ધમાં સૈનિકો લોઢાનું બખ્તર પહેરે છે. નારાયણ કવચ મંત્રાત્મક રક્ષણ કરવાવાળું બખ્તર છે. જ્યારે કોઈ ભય હોય, મનમાં ઉદ્વેગ હોય તો નારાયણ કવચ નિર્ભય બનાવી શાંતિ આપવાવાળું છે. આનો રોજ પાઠ કરવાથી કાર્ય સિદ્ધ થાય છે.

વિશ્વરૂપનું મોસાળ અસુર પક્ષમાં હોવાથી અસુરોને યજ્ઞ ભાગ આપતો હતો. ઈન્દ્રે અસુરોને યજ્ઞ ભાગ આપવા ગુરૂ વિશ્વરૂપને ના પાડી, પણ વિશ્વરૂપે માન્યું નહીં. આથી ઈન્દ્રે ક્રોધ કરી વિશ્વરૂપનું મસ્તક છેદી નાખ્યું. આવું જાણી વિશ્વરૂપના પિતા ત્વષ્ટા પ્રજાપતિને બહુ જ આઘાત લાગ્યો. વેર લેવાની ભાવના પ્રબળ બની, પ્રજાપતિએ ઈન્દ્રને મારનારો પુત્ર ઉત્પન્ન થાય એ માટે યજ્ઞ કરવાનું નક્કી કર્યું.

યજ્ઞ શરૂ થયો યજ્ઞના મંત્ર ભણવામાં ભુલ થવાથી ઈન્દ્રને મારનારના બદલે ઈન્દ્રના હાથે મરનાર પુત્ર પ્રાપ્ત થયો. યજ્ઞકુંડમાંથી વૃત્રાસુર નીકળ્યો. વૃત્રાસુર બહુ જ બલવાન હતો. વરદાનથી બળ પામેલો વૃત્રાસુર દેવતાઓને બહુ ત્રાસ આપવા લાગ્યો. દેવતાઓના અસૌશસ્ત્રો ગળી જવા લાગ્યો. દેવતાઓને ત્રાહિમામ્ કરી નાખવા લાગ્યો. વૃત્રાસુરથી ગભરાયેલા દેવો પ્રભુને શરણે આવી પ્રાર્થના કરી કે હે! પરમાત્મા અમોને વૃત્રાસુરથી બચાવો.

પ્રભુએ દેવોને આશ્વાસન આપી કહ્યું કે હે દેવો! વૃત્રાસુર કોઈ ઉપાયે મરે તેમ નથી. પરંતુ એક ઉપાય છે જો દધીચિ ઋષિના અસ્થિ (હાકડા)નું વજ્ર બનાવી તેને મારો તો તે અસુર વૃત્રાસુર મરશે.

ઈન્દ્ર દીનવદને નતમસ્તકે દધીચિ મુની પાસે આવે છે.

**જોડવા પાણિ દીન બોલવી**
**વાણીવદન થાય પીળું વરણ,**
**એ ચિન્હ છેયાચક તણાં,**
**યાચવાથી રૂડું મરણ-**

તુલસીદાસજીએ પણ કહ્યું છે.

**તુલસી કર પર કર ધરો કર પર કર ના ધરો,**
**જા દિન કર પર કર ધરો તો દિન મરણ ખરો.**

દધિચિ ઋષિ બ્રહ્મનિષ્ઠ હતા. સંત હતા આ નશ્વર શરીર આખર તો પડવાનું છે. પરહિતમાં કામ આવે એથી રૂડું શું ?

**સાધુ ચરિત શુભ સરિસ કપાસુ ।**
**નિરસ વિશદ ગુણમય ફલ જાસુ ॥**
**જો સહી દુઃખ પર છિદ્ર દુરાવા ।**
**બન્દનીય જે હિ જગ જશ પાયા ॥**
**પર ઉપકાર વચન મસં કાયા ।**
**સંત સ્વાભાવ સહજ ખગરાયા ॥**
**ભુરજ તરૂ સમ સંત કૃપાલા ।**
**પર હિત નિત સહ વિપતિ વિશાલા ॥**

(ક્રમશઃ)

## તમે કોણ છો ?

- લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

'તમે કોણ છો ?' એનો વિચાર કરવાની ફુરસદ કોઈ દહાડો કાઢી છે? ન કાઢી હોય તો આજે અને અત્યારે જ વિચાર કરો કે 'તમે કોણ છો.'

કેટલાકને એમ થશે કે 'અમે કોણ છીએ' એટલુંય અમે નહિ જાણતા હોઈએ !

પરંતુ મને ખ્યાલ છે ત્યાં સુધી, એવું માનનારાઓમાંના ઘણાખરા નથી જાણતા.

'હું સુખી છું. હું દુઃખી છું. હું માંદો છું, હું સાજો છું.' વગેરે શબ્દો દ્વારા શરીરને તમે 'હું તરીકે ઓળખાવો છો એ શું સાચું છે ? તમારો ભૂતકાળ તપાસો. છેક બાલપણમાં આ શરીર કેવું હતું. યુવાનીમાં તેમાં કેવું પરિવર્તન થયું અને ઘડપણમાં તેના શા હાલ થાય છે! જેમણે તમને બહુ નાનપણમાં જોયા હશે એ પાકી ઉમ્મરે તમને ભાગ્યે જ ઓળખી શકશે. ક્યાં તમારા એ સુકોમળ હાથ-પગ અને ક્યાં આજનું કરચલીઓથી ભરેલું બેડોળ શરીર! ક્યાં તમારું મનોહર મુખમંડળ અને ક્યાં આજનું સુકલકડી ડાચું ! તમારું એ મજાનું શરીર ક્યાં ઊડી ગયું ? ત્યારે શું આજનું શરીર એ તમે છો? ના, તમે એ નથી. તમે તો બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થાને સમાનરૂપે જાણનાર છો. શરીર ભલે બદલાય; પરંતુ તમે બદલાતા નથી. શરીર તો જડ છે; જ્યારે તમે ચેતન છો. શરીરમાં વધઘટ થાય છે, જ્યારે તમે તો જેવા ને તેવા જ છો. જન્મ-મરણની જંજાળ શરીરને હોઈ શકે છે; પરંતુ તમે તો અમર છો. તો પછી તમે શા માટે આ શરીરને 'તમારું' માનો છો? અને શા માટે તેનાં માન-અપમાન, સુખ-દુઃખ તથા જન્મ-મરણમાં ભાગીદાર બનો છો? બોલો, ખરેખર અહીં તમે ભીંત ભૂલ્યા છો કે નહિ?

સારુ, જવા દો આ વાતને ! ત્યારે શું તમે 'નામ' છો? 'છગનલાલ' એ શું તમારું સ્વરૂપ છે ?

તમારા નામનો અવાજ સાંભળતાં જ તમે ઊંઘમાંથી જાગી જાઓ છો;
તમારાં નામને કોઈ અપશબ્દોથી નવાજે તો તમે શોકનાઊંડા સમુદ્રમાં ડૂબી જાઓ છો.

પરંતુ, જરા વિચાર કરો કે, જ્યારે તમે માના પેટરૂપી જેલના કેદી હતા, ત્યારે તમારું નામ શું હતું? વળી, અત્યારે તમારું જે નામ ચાલુ છે તે શું જન્મતાંથી સાથે જ આપવામાં આવ્યું હતુ કે અમુક દિવસ પછી?

અને.... મર્યા પછી શું તમારું આ જ નામ ચાલુ રહેવાનું છે ?

ત્રણેય પ્રશ્નનો જવાબ સાફ 'ના' માં જ મળશે. તો પછી આ બનાવટી નામની પાછળ આટલા બધા ધમપછાડા કરી તમારા શરીરને 'છગનલાલ' યા 'મગનલાલ' શા માટે માનો છો? તમારું ચાલુ નામ કલ્પિત છે અને કલ્પિત વસ્તુ હંમેશા અનિત્ય હોય છે. ગમે તે મિનિટે તેને બદલી શકાય છે. આવા અસ્થાયી નામની નિંદા-સ્તુતિથી રાજી યા નારાજ થવું એ હિમાલય જેવી મોટી ભૂલ નથી?

ઠીક, ત્યારે તમે આંખ, કાન, જીભ, ચામડી વગેરે ઈન્દ્રિયોને તમારું સાચું સ્વરૂપ માનો છો? જો તેના ઉત્તર 'હ'કારમાં આપતા હો તો આંખ ફૂટી જવાથી, નાક કપાઈ જવાથી, કાન બહેર મારી જવાથી યા ચામડી ઊઝરડાઈ જવાથી શું તમે મરી જાઓ છો? જવાબમાં બે કાન પકડી કબૂલ કરવું પડશે કે, 'ના.' તો પછી ઈન્દ્રિયોની ઈન્દ્રજાળમાં શા માટે ફસાઈ રહ્યા છો? તમે તો તેને, તેની ચેષ્ટાઓને અને તેની સારી-માઠી હાલતને જોનાર અને જાણનાર છો. આટલું હોવા છતાં તમારી ગામ ગયેલી બુદ્ધિ પાછી ઠેકાણે ન આવે તો વાંક કોનો ?

કદાચ તમે કહેશો કે, જ્યારે તમારા મન-પ્રદેશમાં વિચારોના તરંગો ઊછળે છે ત્યારે, તમે એ તરંગોને જાણો છો કે નહિ? 'ના' કહીને પણ તમે છટકી શકો તેમ નથી જ; કારણ કે, તમે બોલ્યા વિના નહિ રહી શકો કે હમાણાં જ મારા મનમાં એક વિચાર જાગ્યો હતો. અને જાણતા હો તો જાણેલી વસ્તુને જાણનાર કોઈ બીજો જ છે એવું તમારે કબૂલ કરવું જ પડશે.

ઊંઘનાં સમય દરમિયાન તમારું મન મરી જાય છે - તમને તેનો ખ્યાલ રહેતો નથી. છતાં તમારી હાજરી તો ત્યાં હોય છે જ. જાગ્યા પછી તમે જાહેર કરો છો કે, 'મને બહું સારી ઊંઘ આવી હતી,' એ જ એનો પ્રત્યક્ષ પુરાવો છે.

મન ક્યાં દોડે છે તેની દેખરેખ તમે રાખો છો; માટે તમે મન નથી.

છતાં તમે તમને 'મન' તરીકે ઓળખાવો છો એ જાણીબૂઝીને કરેલી ભૂલ નથી?

વળી, તમે બુદ્ધિ પણ નથી; કેમકે મનની પ્રત્યેક ચાલની જેમ બુદ્ધિની ગતિને પણ તમે જાણો છો. બુદ્ધિમાં વિકાર-વિલાસ, પવિત્રતા-અપવિત્રતા અને સારા-ખોટાની ચડતી-પડતી થાય છે; પરંતુ તે તમારી ધ્યાન બહાર નથી હોતું. નહિ તો તમે એમ ન કહેત કે, 'મારી બુદ્ધિ હમણાં બગડી ગઈ છે યા સુધરી ગઈ છે.' તો પછી તમે બુદ્ધિના દ્રષ્ટા માનવાને બદલે, તમને ખુદ બુદ્ધિ જ માનો છો, એ શું એક પ્રકારનો ભારે ભ્રમ નથી?

અહંકારથી પણ તમે અલગ છો. હા, આત્મામાં સ્થિત થઈને તમે 'હું' કહો તો વાજબી ગણાય; પરંતુ તમે તો દેહ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેના સમૂહમાં 'હું-પણાનો' આરોપ કરો છો. વસ્તુતઃ તમે તો તેના દ્રષ્ટા છો.

આ રીતે તમે પ્રાણ પણ નથી; પ્રાણના દ્રષ્ટા છો. પ્રાણોની પ્રત્યેક ક્રિયામાં જીવન રેડનાર છો.

કેમ, હવે સમજણ પડીને, કે તમે દેહ, નામ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર અને પ્રાણ-આમાંથી કંઈ જ નથી? તમે તો શુદ્ધ, બુદ્ધ, નિત્ય ચેતન, આનંદમય આત્મા છો, દેહના નાશથી તમારો નાશ થતો નથી ને દેહના જન્મથી તમારો જન્મ થતો નથી. નામની મહાનતા યા હીનતાથી તમે મહાન યા હીન નથી બની જતા. તમે તો હંમેશને માટે નિર્વિકાર છો. તમને કોઈ ગાળો દઈ શકે તેમ નથી, કોઈ મારી શકે તેમ નથી અને કોઈ તમારો વાળ વાંકો કરી શકે તેમ નથી. તમારા સ્વરૂપમાં તમે અચળપ્રતિષ્ઠ છો. આ વાતને ધ્યાનપૂર્વક સમજો ને જગતભરનાં દ્વંદ્વોમાં અવિચળ રહો. આ જાતની સ્વરૂપ-સ્થિતિએ જ તમારું ખરું સ્વરૂપ છે. તેને જાણીને મેળવી લેવામાં જ તમારા જીવનની સફળતા સમાયેલી છે. આટલું જ્ઞાન તમે મેળવી લેશો તો તમે જરૂર મહાત્મા બની જશો. નામ, રૂપ અને ઈન્દ્રિય આદિને જે સમજે છે તે અલ્પાત્મા છે અને આત્માને જ પોતાના સ્વરૂપમાં અવિચળ જોનાર મહાત્મા છે.

ઉપર લખેલી લીટીઓને લખતાં, વાંચતાં કે બોલતાં આવડે એટલે મહાત્માપણું સિદ્ધ નથી થતું. એવું અર્થ વગરનું રટણ તો પોપટ પણ કરે છે. વેદાન્તનો અભ્યાસ કરનાર તમામ વિદ્યાર્થીઓ, પંડિતો, શાસ્ત્રીઓ વગેરે આ હકીકત જાણે છે. પરંતુ કેવળ જાણ્યાથી શો શક્કરવાર વળે! સાચું જાણ્યું ત્યારે કહેવાય, કે જ્યારે શરીર-મન વગેરેમાં મમતા ન રહે અને તેના દ્વારા થતા નફા-નુકસાનથી આત્માને લોભ યા ખોટનો સહેજે અનુભવ ન થાય. ગમે તેવે પ્રસંગે પણ તેનું સ્વરૂપ અવિચળ રહે એ જ તેની ઓળખ છે.

જગતના બજારમાં કહેવાનો યા શીખવાનો ધંધો લઈને બેઠેલા વેપારીઓની કંઈ ખોટ નથી. પરંતુ જ્યાં સુધી તેઓ જાતે કહેવા પ્રમાણે કરે નહિ, જાણ્યા પ્રમાણે માણે નહિ, ત્યાં સુધી એ બધું મિથ્યા થૂંક ઉડાડવા જેવું છે. પોતાને 'પહોંચેલા' મહાત્મા માનીને લોકો પોતાનું પૂજન કરે એવું તે લોકો ઈચ્છે છે; પરંતુ સાચા અર્થમાં મહાત્મા થવાનું તેમને સૂઝતું નથી. માટે જ તેઓ એક યા બીજા મતના સમર્થક યા વિઘાતક બનીને પોથીમાંનાં રીંગણા જેવા બની જાય છે. એવા માયામોહિત માનવીઓને ખેંચીને દૂર-સુદૂર ફેંકી દેવા માટે દ્વંદ્વોની આંધી સમર્થ હોય છે. જે વખતે તેઓ શરીર, મન અને વાણીથી પર એવા આત્માના સ્વરૂપનું નિરૂપણ કરતા હોય છે ત્યારે પણ, જો ઊંડું નિરીક્ષણ કરવામાં આવે તો, જણાશે કે ઉપદેશકની સ્થિતિ મનમાં જ છે.

આવો ઢોંગ કરીને જગતને છેતરનારાઓ ખરેખર દયાને પાત્ર છે, સજાને પાત્ર પણ ખરા; છતાં સજા કરવાનો અધિકાર તો એકમાત્ર ઈશ્વરનો જ છે ને ? કોઈનો અધિકાર આપણાથી કેમ છિનવી લેવાય ?

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ પીપળીયા, તા. શિહોર સ્વ. મકોડભાઈ લવજીભાઈ ગાબાણી (ઉંમર વર્ષ ૮૦) સંવત ૨૦૭૩ શ્રાવણ વદ-બીજ તા. ૯-૮-'૧૭ ને બુધવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ આકરૂ, (હાલ-રાજપીપળા) સ્વ. માવસંગભાઈ ભીમભાઈ જાદવ (ઉંમર વર્ષ ૬૨) સંવત ૨૦૭૩ શ્રાવણ-સુદ દસમ તા. ૨-૮-'૧૭ ને બુધવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

(૧) આખી દુનિયા ભલે એક તરફ (વિરોધમાં) થઈ જાય પરંતુ હું તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે દઢ પુરૂષાર્થ જ કરીશ. એવો દઢ સંકલ્પ રાખવો.

(૨) જો ફરી ફરી કાગડા કૂતરાની ને કીડાંની યોનીમાં ન આવવું હોય તો મોક્ષ માટે દઢ પુરૂષાર્થ કરવો, કારણ કે કરોડો જન્મ પછી એકવાર એવો દુર્લભ માનવદેહ મળે છે.

(૩) આત્મા-પરમાત્મા સત છે ચેતન છે આનંદ સ્વરૂપ છે તેને કોઈ બંધન નથી જ્યારે વિષયો તો નાશવંત, અસત જડ અને દુઃખરૂપ છે.

(૪) વિષયો તો બીજા અનેક જન્મમાં ભોગવતા આવ્યા છીએ તો આવો અમુલ્ય મનુષ્ય દેહ મળ્યો છે તો સદ્ગુરુ શરણે જઈ માથું મૂકવું એટલે અહંકાર મૂકવો અને જીવનમાં વિવેક પ્રાપ્ત કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે દઢ પુરૂષાર્થ કરવો.

(૫) પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તો હું પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છું. તેમ દ્રઢ માનવું. આત્મા જાગી ઉઠો તેનુ નામ પ્રાર્થના.

(૧) પ્રાર્થના આત્માનો ખોરાક છે. (૨) પ્રાર્થના એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે. (૩) પ્રાર્થના ધર્મનો સ્થંભ અને સ્વર્ગની ચાવી છે.(૪) પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર દૂત છે. (૫) પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યા કાળની સાકળ છે. (૬) શબ્દો જેટલા ઓછા એટલી પ્રાર્થના વધારે ઉત્તમ. (૭) જેનો આત્મા પવિત્ર હોય. એજ પ્રાર્થના કરી શકે. (૮) આપણી અંદરની ગંદકીને આપણે બરાબર ન કાઢીએ ત્યાં સુધી પ્રાર્થના કરવાનો આપણને હક્ક નથી. (૯) સત્ય, ક્ષમા, સંતોષ, જ્ઞાન, ધીરજ, શુદ્ધવચન અને મધુરવચન એ પ્રાર્થનાની પ્રાર્થના છે.

**તન પવિત્ર સેવા કિયે ધન પવિત્ર કર દાન ।**
**મન પવિત્ર હરિ ભજન કિયે હોત ત્રીવિધ કલ્યાણ ॥**

**ગુરુ ભક્તિ અતિ કઠિન હૈ જપોં ખાંડાકી ધાર ।**
**જો ડોલે સોં કટિ મરે નિશ્ચલ ઉતરે ભવ પાર ॥**
**ગુરુ કો શિર પર રાખીએ ચલીએ આજ્ઞામાંહી।**
**કહે કબીરના દાસકો તીન લોક ડર નાહી ॥**

લાખ રૂપિયાનું ડોનેશન કરવુ સહેલુ છે. પણ ઘરમાં પ્રેમનું અને જીવનમાં ક્ષમાનું દાન કરવું અઘરૂ છે.

માણસનું હાર્ટ પહોળું થાય તો માણસનું મરણ થાય છે. પણ જો હૃદય વિશાળ થાય તો અવગુણ મરી જાય છે અને માણસ તરી જાય છે.

વિદ્યાથી વિનય ને વિનયથી સત્ પાત્રતા આવે છે. સત્પાત્રને ધન પ્રાપ્તી થાય છે. ધનથી ધર્મ અને ધર્મથી સુખ મળે છે.

વ્યવહાર કરવો ખરો પણ તેમાં આસક્તિ ન રાખવી. આવે તેને આવવા દેવું અને જાય તેને જવા દેવું. વિવેક હોય તો વ્યક્તિ જીવનનો ચરમ ઉંચાઈઓ પર પહોંચી ધન્ય ધન્ય થઈ શકે છે અને વિવેક ન હોય તો નીચે ને નીચે જઈ દુઃખ અને વિષાદના દુષ્ટચક્રમાં અટવાઈને જ જીવન પુરૂં કરે છે. વિવેક સૌથી મોટી સિદ્ધી છે મનુષ્યની.

(૧) વાસનાને તાળું માર્યા વિના જીવનમુડી નહિ સચવાય. (૨) સેવાનું ઋણ સોનાથી ચુકવાય નહીં. કાં તમે તમારૂ હૈયું આપો, કાં તમે સેવા કરો. (૩) તુલસી પંછીન કે પીયે, ઘટે ન સરિતાનીર, ધર્મ કીયે ધન ના ઘટે સહાય કરે રઘુવીર.

(૧) સહનશીલતામાં જ અંતઃ શાંતિ નિર્માણ થાય છે. (૨) સેવા દાનથી અંતઃકરણ શુદ્ધ થાય છે. (૩) વ્યવહાર અને અધ્યાત્મ બંને માટે વિવેક પૂર્વક પુરુષાર્થ કરવો જોઈએ. (૪) વ્યાપક ઉદાર ભાવોમાં જ આત્મા, સત્ય અને પોતાને ઓળખાવવાની શક્તિ છે અને પાસળ અહિંસા ક્ષમા બંને છે. જે જીવનકલાના સ્તંભો છે.

તનસે સેવા કિજીએ મનસે ભલે વિચાર
ધનસે ઈસ સંસારમેં કરિય પાર ઉપકાર.

કાળુભાઈ એ. કોશિયા
શ્રી માધવ ગુરૂકૂળ - બાકરોલ - વિદ્યાનગર

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**ગુરૂર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરૂર્દેવો મહેશ્વરઃ**
**ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ - તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ**

ભારતીય સંસ્કૃતિમાં સદ્‌ગુરૂનું અપૂર્વ મહાત્મનું વર્ણન ગાવામાં આવ્યું છે. જેનું સ્થાન ઈશ્વરની નજીક છે. ગુરૂ પૂર્ણિમાને ''વ્યાસપૂર્ણિમા'' પણ કહે છે. ''શ્રી સદ્‌ગુરૂનું ઋણ ચુકવવાનો અવસર-દિવસ એટલે ગુરૂપૂર્ણિમા'' એટલે કે ગુરૂની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું પર્વ એટલે ''ગુરૂપૂર્ણિમા''.

ગુરૂપૂર્ણિમાનું પર્વ વિશ્વમાં અજોડ છે. ગુરૂ-એ આધ્યાત્મિક ''પૂર્વજ'' છે. અને શિષ્ય તેનો ''વંશ'' જ છે. ગુરૂ-શિષ્ય પરંપરાની ગુરૂ-શિષ્ય બેલડી આધ્યાત્મના પ્રચંડ મોજારૂપ બની સાત્વિકતા, દિવ્યતા અને પવિત્રતાથી ભરી સમસ્ત વિશ્વની કાયા પલટ કરી શકે છે.

''ગુરૂપૂર્ણિમા'' એ ગુરૂ-શિષ્યના પ્રેમનું પાવનપર્વ છે. ગુરૂ પાસેથી આપણે જે પામ્યા તેમાંથી ''યત્કિંચિત્'' ગુરૂના ચરણોમાં સમર્પિત કરવાનો દિવસ. આ દિવસે સમસ્ત ભારતમાં શિષ્યો પોતાના સદ્‌ગુરૂનું પૂજન-અર્ચન કરીને તેમની પ્રસન્નતા-આશીર્વાદ મેળવે છે. આ દિવસે ગુરૂના ઋણમાંથી મુક્ત થવા માટે તેમના ચરણોનું પૂજન-અર્ચન કરવું તે હિન્દુધર્મની પ્રણાલિકા છે. જ્યાં સુધી આપણને અંતરમાં જ્ઞાનની ભૂખ છે. જ્ઞાન માટે આદર છે ત્યાં સુધી આ ગુરૂ-શિષ્ય પરંપરાના સબંધો રહે છે. ગુરૂજ વ્યક્તિના જીવન ઘડતરની મુખ્ય ભૂમિકા ભજવે છે. એક શિલ્પી જેમ પથ્થરમાંથી ટાંકણે-ટાંકણે મૂર્તિ બનાવે છે તેમ ગુરૂ પણ આપણા ચારિત્ર્યનું ઘડતર કરે છે. ગુરૂની અમીભરી દૃષ્ટિથી આપણી મલીનતા દૂર થઈ જાય છે. અજ્ઞાનરૂપી અંધકારના પલ ભરમાં વિનાશ કરનાર અને જ્ઞાનનો દીવો પ્રગટાવનાર ગુરૂજ છે. આપણે કદમ ઉઠાવી પા-પા પગલી ભરવાનો પ્રારંભ કરીશું તો પણ ''ગુરૂપૂર્ણિમા'' આપણી સાર્થક બની જશે. ગીતામાં કહ્યું છે ''કરિષ્યે વચનં તવ'' - આપણે ગુરૂના વચનમાં ઓતપ્રોત થઈ જઈએ તો જ આપણે સામા સેવક કહેવાઈએ.

ગુરૂ અને સદ્‌શાસ્ત્રોએ ''સાઈન બોર્ડ'' જેવા છે. ઉપદેશ આપીને આપણને ચેતવે છે કે- જાળવજો - અટકશો - આ કરજો - આ ન કરજો વિગેરે, જીવનમાં સુખી થવું હોય તો ''ગુરૂ અને સંત'' ને એક વખત ઓળખી લેવા અને પછી તે કહે તેમજ વર્તવું જોઈએ. આપણે ગુરૂની આજ્ઞામાં કેવી રીતે વર્તવું જોઈએ તે માટે આપણે આપણા જીવનમાં એકલવ્ય, ભીલકુમાર, દાનેશ્વરી કર્ણ-હરિશચંદ્ર રાજા, દાદાખાતર વિગેરે ગુરૂભક્તોના દાખલાઓ લઈ તેમના જેવી ગુરૂ પ્રત્યેની નિષ્ઠા-આસ્થા-શ્રધ્ધા અને વિશ્વાસ તેમજ ગુરૂ વચનમાં તન-મન અને ધન સમર્પિત કરવાની ભાવના આપણને પ્રેરણા આપે છે. આવી પ્રેરણા લઈ આપણા જીવનમાં ગુરૂઆજ્ઞા પામવા તત્પર થવું જોઈએ.

સદ્‌ગુરૂને પૂર્ણ સમર્પિત અનેન્ય શ્રદ્ધાવાન થવાથી શિષ્ય-સેવકને ''દિવ્ય દૃષ્ટિ'' આપે છે. શિષ્યની - સેવાથી જડતા તૂટે છે ને વિશ્વરૂપના દર્શનનો અધિકારી બને છે. આ રીતે સદ્‌ગુરૂના રૂપમાં પરમાત્માનાં દર્શન કરતાં કરતાં સેવક સ્વયં પરમાત્માને પાવમા સમર્થ બને છે. સદ્‌ગુરૂનાં ચરણ અને અંગુલિઓમાં અત્યંત તેજ હોય છે. સદ્‌ગુરૂની ચરણ સ્પર્શવાળી પાદૂકા પણ ધનીભૂત તેજવાળી બને છે. પૂર્ણભાવે સદ્‌ગુરૂને સમર્પિત થયેલ સેવકને તેના સ્પર્શનો અનન્ય લાભ મળે છે. જેનાથી સેવકને સદ્‌ગુરૂમાં રહેલ ''તેજપૂંજ'' નો સંચાર થાય છે. અને ''સદ્‌ગુરૂ તેમના સમાન બનાવે'' છે. સદ્‌ગુરૂ તત્વ પૂર્ણપાત્રતા ધરાવનારને ''સત્-ચિત-આનંદ'' સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. ''અહમ્ બ્રહ્માસ્મિ''ની પણ અનૂભૂતિ કરાવે છે.

સદ્‌ગુરૂના પ્રસાદરૂપ સેવકને માટે જ્ઞાન-ભક્તિ-યોગ-માર્ગ સરળતાથી ખુલ્લા થઈ જાય છે. સેવકનું સમગ્ર જીવન પૂર્ણ શ્રધ્ધા સાથે ''જ્ઞાન-ભક્તિ યોગ'' ત્રિવેણી સંગમની ઉપલબ્ધિઓ પામવા સમક્ષ બને છે. પરમાત્મા સ્વરૂપ સદ્‌ગુરૂશ્રીના ચરણોમાં સાક્ષાત્ દંડવત પ્રણામ-નમસ્કાર સહ જયશ્રી સચ્ચિદાનંદ.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

## પરમપૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીએ તા. ૧૫-૮-૨૦૧૭, શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે સુરત મુકામે કરેલ પ્રવચન

**સ્વસ્તિ ન ઈન્દ્રો વૃધ્ધશ્રવાઃ**
**સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ ।**
**સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ**
**સ્વસ્તિ નો બૃહસ્પતિર્દધાતુ ॥**
**શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ**

પ્રિય સજ્જનો અનંત શક્તિ સંપન્ન પરબ્રહ્મ પરમાત્માની મહતી અનુકંપાથી આજે જન્માષ્ટમીનો દિવસ છે. આજના રાતના બાર વાગે પરબ્રહ્મ પરમાત્મા નિર્ગુણ નિરાકાર ભગવાનના ગુણ અનુસાર ભગવાનની વાણી અનુસાર જે પરબ્રહ્મ પરમાત્મા અજન્મા છે. અવ્યય છે. છતાં પણ ભગવાને ગીતાની અંદર કહ્યું – 'હે અર્જુન હું પ્રકૃતિનો આશરો લઈ

**અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોઽપિ સન્ ।**
**પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥૪-૬॥**

હું પોતાની માયાનો આશરો લઈ અજન્મા હોવા છતાં પણ હું જન્મું છું. હું અજન્મા છું. હું અવ્યય છું છતાં પણ હું પ્રકૃતિના માધ્યમથી હું **સંભવામિ આત્મા માયા** હું પોતાની માયાને લઈને પ્રગટ થાવ છું. કેમ કે ભગવાનની પ્રતિજ્ઞા છે.

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ।**
**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્**
**ધર્મસંસ્થાપનાથાર્ય સમ્ભવામિ યુગે યુગે ॥**

શ્રીમદ્ ભગવત ગીતાના ચોથા અધ્યાયમાં પરમાત્માએ કહ્યું હે અર્જુન જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અધર્મ વધે પાપી લોકો વધે ધર્મ નો નાશ થાય અને પુણ્યશાળી બહુ દુઃખી થાય ત્યારે હું પોતાની માયાનો આશરો લઈ **પરિત્રાણાય સાધૂનામ વિનાશાય ચ દુષ્કૃતામ.** સજ્જન પુરૂષોની રક્ષા કરવા માટે અને પાપી લોકોનો નાશ કરવાને માટે હું યુગ યુગની અંદર આ પૃથ્વી પર પ્રગટ થાઉ છું. પરમાત્માનો મૂળ સિધ્ધાંત છે. પરમાત્મા અજન્મા છે. છતાં પણ ભગવાને સાતમાં અધ્યાયમાં કહ્યું છે.

**અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામબુધ્ધયઃ**
**પરં ભાવમજાનન્તો મમાવ્યય મનુત્તમમ્**

હે અર્જુન અવ્યક્ત હોવા છતાં પણ મુઢ બુધ્ધીના મને વ્યક્તિ સમજે છે. મને એ જન્મા એમ સમજે છે સાચી રીતે પરમાત્મા જન્મતા નથી. અજ્ઞાનતા ને લઈ અને માયાના દોષથી પરમાત્મા પ્રગટ થાય છે. તો આજે એ પવિત્ર દિવસ જે બરોબર શ્રાવણ મહીનાની અષ્ટમી મધ્યરાત્રીના રાતના બરોબર બાર વાગે. ભાગવતમાં તો કહ્યું છે કે જ્યારે પરબ્રહ્મ પરમાત્મા પૃથ્વી પર પ્રગટ થાય છે. એ પહેલા પાંચેય ભૂતો પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ જેમ વ્યવહારની અંદર કોઈ વડિલ અધિકારી કોઈ નેતા જ્યારે આવે ત્યારે જાણો છો. શું થઈ જાય. બજારમાં બહુ ખાડા છે, રોડ ટુટી ગયો છે, રાતમાં શું થઈ જાય? રોડ થઈ જાય ખાડા પૂરાઈ જાય. જેમ એક નેતા આવે ને રોડ સાફ થઈ જાય. આખું શહેર શુદ્ધ થઈ જાય તેમ આકાશ એકદમ નિર્મળ થઈ ગયુ. વાયુ મંદ સુમંદ વાવા લાગ્યો. પુષ્પો એની મેળે ખીલવા લાગ્યા. દેવતાઓ એ પૂષ્પની વર્ષા કરવા લાગ્યા. સમુદ્ર સુમધુર સુંદર ગાન કરવા લાગ્યો. ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો. સરોવરની અંદર બતકા કિલ્લોલ કરવા લાગ્યા આમ બધુજ વાતાવરણ શુદ્ધ થયું. એના ઉપરથી શાસ્ત્રકારો કહે છે કે મહાપુરૂષો કહે

કે જ્યારે પોતાના હૃદયની અંદર પરમાત્માના સાક્ષાત્કાર અનુભવ કરવો હોય તો પોતાનું અંતઃકરણ શુદ્ધ થઈ જાય. અંતઃકરણ શુદ્ધ હોવું જોઈએ. અંતઃકરણ શુદ્ધ થવાથી પોતાના હૃદયની અંદર પરમાત્મા બિરાજમાન છે. તેની સાક્ષાત્ અનુભૂતિ થઈ શકે છે. સાક્ષાત્કાર થઈ શકે છે. જ્યાં સુધી પોતાનું અંતઃકરણ શુદ્ધ ન હોય, જેમ વાતાવરણ શુદ્ધ થયું જગતની અંદર પરમાત્માં પ્રગટ થવાના છે. પોતાના હૃદયની અંદર પરમાત્માનો આવિરભાવ કરવાને માટે સાક્ષાત્કાર કરવાને માટે ઈન્દ્રીય દ્વારા સંયમ કરી અને અંતઃકરણ શુદ્ધ બનાવવાને માટે પુરૂષાર્થ કરવો પરબ્રહ્મપરમાત્મા સર્વ વ્યાપક છે. પરમાત્મા પૂર્ણ છે. પરમાત્મા અખંડ છે, પરમાત્મા અસંગ છે, પરમાત્મા ઘટ-ઘટની અંદર બિરાજમાન છે. જેને માટે શાસ્ત્રકારો કહે છે દેશકૃત, કાલકૃત, વસ્તુકૃત પરબ્રહ્મ પરમાત્મા અપરિછીન્ન છે. એવો દેશ નથી એવો કોઈ કાલ નથી. એવુ કોઈ વસ્તુ નથી જ્યાં પરબ્રહ્મ પરમાત્મા ન હોય એ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે અનુભવ કરવાને માટે એવી જો કોઈ જગ્યા હોય તો તે પોતાનું અંતઃકરણ છે. અંતઃકરણ શુદ્ધ સાત્વીક અંશથી બનેલુ છે. સાત્વીક અંશની અંદર પરમાત્માના સાક્ષાત્કાર થઈ શકે છે. એવી રીતે ઘણી બધી રીતે આપણે સાંભળીએ છીએ કે ખેતરની અંદર જે માટી છે તે પણ પૃથ્વીનો ભાગ છે અને ઘરની અંદર બાથરૂમમાં જે આભલું (અરીસો) છે તે પણ પૃથ્વીનો ભાગ છે. પણ આપણું મુખ જોવું હોય તો શેમાં જોઈ શકાય? ખેતરની અંદરની માટી છે એમાં? કેમ? કે ખેતરની માટી છે તે મલિન છે જ્યારે અભલા(અરીસા)ની અંદર જે માટી પૃથ્વીનો ભાગ છે તે સ્વચ્છ છે નિર્મળ છે પવિત્ર છે. સાત્વીક છે અને સાત્વીક હોવા છતાં જ્યારે તમે સ્નાન કરો ગરમપાણીએ ત્યારે તે પાણીનું બાષ્પીભવન આભલાની ઉપર આવી જાય. આવી જાયને? તો આપણું મુખ જોવું હોય તો દેખાતુ નથી તો શું કરવું પડે? તે હટાવવું પડે, કપડાથી સાફ કરવું પડે એમ અંતઃકરણ શુદ્ધ હોવા છતાં પણ જ્યારે એ કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, અદેખાઈ જ્યારે એ ઉપર આવી જાય જેને લઈને પરમાત્માના સાક્ષાત્કાર થઈ શકતા નથી. એને માટે આપણા બધાના હૃદયની અંદર આપણે પરમાત્માના સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરવો આપણી વચ્ચે એ આનંદકંદ શ્રીકૃણ ભગવાન માયાવસ્ત્રથી પ્રગટ થાય છે. તો **નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ કેરીયા, નં-૧, તા. બોટાદ સ્વ. ભરતભાઈ ગોવિંદભાઈ ગોળકીયા (ઉંમર વર્ષ ૪૫) સંવત ૨૦૭૩ અષાઢ વદ છઠ તા. ૧૫-૭-'૧૭ ને શનિવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ વામજ, (હાલ-અમદાવાદ) સ્વ. અમૃતભાઈ હરજીવનદાસ પટેલ (ઉંમર વર્ષ ૭૦) સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ-૧૪ તા. ૬-૮-'૧૭ ને રવિવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ મોણપુર, તા.વલ્લભીપુર સ્વ. રણછોડભાઈ કરસનભાઈ પવાસીયા સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ-૭ તા. ૩૦-૭-'૧૭ ને રવિવારના રોજ માધવ ચરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

હે રાજન - વેદનિ શ્રુતિ કહે છે કે -

**એકોહં બહુ શ્યામ પ્રજાપતે**

અર્થ : જગતની ઉત્પતી પહેલા નિર્ગુણ નિરાકાર સત ચિત્ત આનંદ સ્વરૂપ પરમાત્માને જીવોના કર્મ અનુસાર એવી સ્ફુર્ણા થઈ કે હું એક છું તે બહુ રૂપ થાઉં તેજ વાત રામાયણમાં કહે છે કે -

(ચોપાઈ) (૧) **ખિલે કમળ સોહ સર કૈસે**
**નિગુર્ણ બ્રહ્મ સગુણ ભયે જૈસે**

અર્થ : માયા ઉપાધીથી ઈશ્વરમાંથી પંચભુતો ઉત્પન્ન થયા તે પંચ ભૂતના અધિષ્ઠાતા પંચ દેવ છે.

જેવિરિતે તત્ત્વને નિયમમાં રાખનાર શિવજી છે જળ તત્વને નિયમમાં રાખનાર ગણપતી છે. તેજ તત્વને નિયમમાં રાખનાર દુર્ગા છે. આકાશ તત્વને નિયમમાં રાખનાર ભગવાન વિષ્ણુ છે. વાયુ તત્વને નિયમમાં રાખનાર સૂર્ય છે. શિવજી પૃથ્વી તત્વના દેવ કેવી રીતે છે તે સાંભળો ગંગાજી શિવના શિર ઉપર વહન કરે છે. બળદ ઉપર સવારી કરે છે તેમાં શો ભાવ છે તે સાંભળો શિવનું નામ મહેશ્વર છે. તે મહી એટલે પૃથ્વી તેના ઈશ્વર એટલે મહેશ્વર કહેવાય છે શિર પર ગંગા છે તેનો ભાવ એવો છે કે પૃથ્વી રૂપ મહાદેવનું શરીર છે અને મસ્તક હિમાચલ છે. તે ઉપરથી ગંગા વહે છે તેથી શિવના શિર પરથી આવે છે તેમ કહેવાય છે. બળદ પૃથ્વીમાં ખેતીના સાધન રૂપ છે તેથી મહેશ્વર બળદ પર સવારી કરે છે. જળ તત્વના અષ્ટાતા ગણપતિ છે તેનો ભાવ એવો છે કે જલધી એવો જે સમુદ્ર તેમાં જેમ હજારો નદીઓ જવા છતાં ભરાતો નથી કોઈ માણસ નિંદા સ્તુતિ સહન કરનાર હોય છે તેને સમુદ્રના જેવા પેટવાળો કહેવાય છે તેવી રીતે ગણપતિ લંબોધર કહેવાય છે. માટે જળના દેવ છે. તેજના ભગવતી દુર્ગા છે. જેમ તેજનો રંગ લાલ છે તેમ દેવીને લાલ રંગ પ્રિય છે. સર્વ પ્રાણીઓમાં તેજસ્વી જાનવર વાઘ છે માટે તેના પર શક્તિ સવાર છે તેથી તેજના દેવતા દેવી છે વાયુ આકાશમાં વિચર્યા કરે છે તેમ સૂર્ય પણ આકાશમાં વિચરે છે માટે સૂર્યએ વાયુ તત્વના દેવતા છે આકાશ તત્વના દેવતા વિષ્ણું છે જેમ આકાશનો રંગ નીલ છે તેમ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ પણ ઘનશ્યામ છે. આકાશ વ્યાપક છે તેમ વિષ્ણુ શબ્દનો અર્થ પણ વ્યાપક થાય છે આવી રીતે એક એક ભૂતના દેવતા એક એક દેવ છે તે પાંચે તત્વો મળીને જગતની રચના થઈ છે. માટે પંચદેવ એક પરમાત્માના પાંચ સ્વરૂપો છે તે દેવોમાં શરીર ભાવ છે, તે કાર્ય કહેવાય છે ને બધામાં વ્યાપક રૂપે જે ચેતન છે તે કારણ છે જેવી રીતે સુવર્ણ છે તે કારણ છે અને દાગીના છે તે કાર્ય છે કિંમત થાય છે તે સોના રૂપી કારણની થાય છે કાર્યની નહી તેવી રીતે વેદ શાસ્ત્રોમાં જ્યાં સ્તુતિ કરેલી છે તે નિર્ગુણ બ્રહ્મની સ્તુતિ કરેલી છે. વ્યાસ મુનિએ જ્યાં વિષ્ણુની સ્તુતિ કરી છે.

ત્યાં શિવ આદિ બીજા દેવોને વિષ્ણુના દાસ કહ્યા છે તે કાર્ય રૂપથી કહ્યા છે તેવી રીતે શિવ પુરાણમાં શિવની સ્તુતિ પણ કારણ બ્રહ્મ રૂપે કરી છે. વિષ્ણુ આદિ દેવોને શિવના દાસ કહ્યા છે. તે કાર્ય રૂપથી કહ્યા છે તેવી રીતે પાંચ દેવોની સ્તુતિ કારણ બહ્મ રૂપે કરી છે તે કારણ બ્રહ્મ એક છે જેવી રીતે ઘણા દાગીના હોવા છતાં સોનુ એક છે. તેવી રીતે સાકર રૂપ પંચ દેવો જુદા જુદા પ્રતિત થાય છે પણ કારણ રૂપે એકજ છે વ્યાસ મુનિએ અઢાર પુરાણમાં અઢાર ભગવાન નથી બતાવ્યા પણ કારણ રૂપે એક જ બ્રહ્મ છે. એવો વ્યાસ મુનિનો ગુઢ અભિપ્રાય છે અને વેદોનું પણ એજ સિદ્ધાંત છે - શ્રુતિમાં કહ્યું છે - સત્યં જ્ઞાન અનંત.

બ્રહ્મ - એકો દેવઃ સર્વ ભુતેશુ ગુઢઃ -

અર્થ : એક જ દેવ સર્વ પ્રાણી માત્રમાં વ્યાપક રૂપે રહેલ છે તે દેવ એક જ જાગ્રત દેવ છે તેને જાણવાથી મૂળ સહિત જન્મ મરણની નિવૃત્તિ અને પરમાનંદ રૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે માટે તમો તેનું અભેદ ભાવે ભજન કરો.

# માણસાઈની પસંદગી (ભાગ-૧ બાળપણ કદી ખોવું નહીં.)

લવજીભાઈ કે. સવાણી
(નાવડા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

માણસ જ્યારે જન્મે છે, ત્યારે ભગવાનની નિકટ હોય છે. ધીરે ધીરે તેની ઉંમર વધતી જાય છે અને મા-બાપ એને કાંઈક શીખવે છે. તેના ઉપર મા-બાપની અસર પડે છે અને ઈશ્વરની અસર ઓછી થતી જાય છે. બાકી નવજાત શિશુ તો યોગી છે. નવા જન્મેલા બાળકોની આંખો તરફ જોશો તો બિલકુલ શાંત હશે. શાંતિથી ચારે તરફ જોયા કરે છે. તે એકદમ એકાગ્ર હોય છે.

પછી તો તેના પર શિક્ષણના પુર ચઢતા જાય છે. મા-બાપ શીખવે છે, શિક્ષકો શીખવે છે, મિત્રો શીખવે છે. તેને સૃષ્ટિનું દર્શન થાય છે. છળ, કપટ વગેરે જાત જાતનું એ શીખતો જાય છે અને એટલો જ પરમેશ્વરથી દૂર થતો જાય છે.

ખરું જોતાં, માનવબળને શિક્ષણ એવું મળવું જોઈએ જેને લીધા બાળકનું ઈસ્વર તરફનું જે મૂળ આકર્ષણ છે તે વધે. દરેક બાળકમાં ભગવાન છુપાયેલો છે, એક મહાપુરુષ છુપાયેલો છે. ઉપનિષદ્ કહે છે : 'મહાપાંડિત્યની વિદ્યા મેળવીને બાળક સમાન બનો!' આપણા બ્રહ્મલીન સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ કથામાં વારંવાર ગાતા કે ''થાઓ બાળક સાચા(૨) પિતાના ગુણને અંતરમાં પ્રગટાવો.''

બાળકનું મન નિર્મળ છે. ધીરે ધીરે તેના પર જાત જાતના રંગ ચઢે છે. તેને શિક્ષણ આપતી વખતે એ વાતનું ભાન રહવું જોઈએ કે તેની નિર્મળતા ભૂંસાય નહીં. બાળક ભગવાનની નજીક છે એટલે તેને આપણે જેટલું શીખવવાનું છે, તેના કરતા વધારે આપણે જાતે તેની પાસેથી શીખવાનું છે. કેળવણીમાં જો આ ખ્યાલ રહે તો બાળકો અને તને શીખવનાર બન્ને સમાન્ ભૂમિકા ઉપર આવી જશે અન બંને એકબીજાના ગુરૂ બની જશે.

બાળક પોતાની મા ઉપર કેટલી બધી શ્રધ્ધા રાખે છે? મા જે કહે તે સાચું, મા કહે છે, 'જો બેટા! પેલો ચંદ્રમાં છે!' તો બાળક માની લે છે કે હા, ચંદ્રમાં છે. માએ કહ્યું, 'આ ઝાડ છે.' તો બાળકે માની લીધું કે હા, આ ઝાડ છે. એટલી બધી શ્રધ્ધા એ રાખે છે! તો જેવી શ્રધ્ધા બાળક આપણાં ઉપર રાખે છે તેવી જ શ્રધ્ધા આપણે તેના ઉપર રાખવી જોઈએ.

એ મૂળભૂત સ્રધ્ધા છે કે માણસનું હૃદય અંદરથી શુદ્ધ છે, નિર્મળ છે. માણસના હૃદયની અંદર ભગવાન અંતર્યામી છુપાયેલો છે. આવી મૂળભૂત શ્રધ્ધા સહુને માટે હોવી જોઈએ. આપણે આપણું બાળપણનું કદી ગુમાવવું જોઈએ નહીં.

બાળક બનીને રહેવામાં જીવનની સફળતા છે. બાળપણું ખોઈ દેવામાં નિષ્ફળતા છે. જેણે પોતાનું બાળપણ ખોયું, તેનું જીવન નિષ્ફળ ગયું, કેમ કે તેના અંદરનો આનંદર બાળપણું જવાથી ઓછા થાય છે.

કબીરે એક ભજન ગાયું છે. તેમાં તેણે એ બહુ મોટી વાત કહી દીધી છે. 'ઝીની ઝીની બીની ચદરિયા' આ ઝીણી મજાની ચાદર વણાઈ ગઈ છે, અને તે ચાદર બધાને ઓઢવા મળે છે. શરીરરૂપી ચાદર. ચાદરને મેલી કરવાની નથી, મરતી વખતે એવીને એવી ચોખ્ખી ચાદર પ્રભુને પરત કરવાની છે. તાત્પર્ય એ કે જે શુદ્ધતા સાથે, શુદ્ધ ચિત્ત સાથે માણસનો જન્મ થયો એ જ છેવટ સુધી કાયમ રહે.

આટલા વાસ્તે જ મહાપુરુષો વિશે એમ કહેવામાં ઓ છે કે તેમની બાળવત્ વૃત્તિ હોય છે. 'બાળ' આપણી ભાષામાં બહુ મોટી તાકાતવાળો શબ્દ છે. બાળે ટલે બળવાન, જે બળવાન છે. તે બાળ છે. બાળકને શ્રદ્ધા છે. તેને કોઈ ચીજ અશક્ય નથી લાગતી. આ જે એની શ્રધ્ધા છે, તે જ એનું બળ છે. આપણને ધ્રુવની કથા, પ્રહલાદની કથા કે નચિકેતાની કથા. સ્વામીજી માહરાજ સંભળાવે તો તે કાલ્પનિક નથી લાગતી. બાળકના ચિત્તમાં આ શ્રધ્ધાનું બળ છે. માટે બાળપણ કદી ખોવું નહીં.

# ક્રોધની એક મીનીટ

વિભૂતી વી., દવે
(વડોદરા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

એક યુવાન લગ્નના ૨ વર્ષ બાદ પોતાના પિતા પાસે પરદેશ જવાની વાત મુકી પિતાની પરવાનગી મળતા તે યુવાન પોતાની ગર્ભવતિ પત્નીને પોતાના પિતાની સાથે રાખી પરદેશ જવા નીકળી ગયો. જોત જોતામાં સમય પસાર થયો. ને તે યુવાન ૧૭ વર્ષ પરદેશમાં રહ્યો. સારો એવો ધંધો થયો ને મોટો વેપારી બની ગયો.

પછી ઘરે આવવાનું વિચાર્યું પત્નીને પોતાના પાછા આવવાની સુચનાનો પત્ર લખી જહાજમાં ધન-સંપત્તિ સાથે પાછો વળવા બેસી ગયો. તેજ જહાજમાં બીજી એક વ્યક્તિ ઉદાસ મનથી બેઠેલી જોઈ તેને તેની ઉદાસીનું કારણ પૂછ્યું તો કહ્યું કે આદેશમાં જ્ઞાનની કોઈ કિંમત નથી. મારા જ્ઞાનને કોઈ ખરીદનાર નથી. મારા જ્ઞાન સુત્રને કોઈએ ખરીદ્યું નહિ. કોઈ તેને લેવા તૈયાર નથી.

શેઠ ને વિચાર આવ્યો આદેશ મારી કર્મભૂમિ છે. આદેશમાં હું ઘણું ધન કમાયો છું. મારે આ જ્ઞાન સૂત્રની ખરીદી કરવી જોઈએ. આમ વિચારી શેઠે પેલા ભાઈને તેની કિંમત પુછી કે ભાઈ તમારા જ્ઞાન-સૂત્રની કિંમત કેટલી છે તો કહ્યું કે ૫૦૦ સોના મહોરો છે. શેઠે ૫૦૦ સોના મ્હોર આપી અને કહ્યું કે આપો તમારું જ્ઞાન સૂત્ર એટલે પેલા ભાઈ એ કહ્યું કે - **કોઈપણ કાર્ય કરતા પહેલા ૨ મીનીટ વિચારી લેવું.** અમારૂ જ્ઞાન સૂત્ર છે. મારા દરેક જ્ઞાનસૂત્રની કિંમત ૫૦૦ સોનમહોર છે. પણ શેઠ ને બીજુ સૂત્રની કિંમત વધારે લાગતા આ એક જ જ્ઞાનસૂત્ર લઈને પોતાના ગામ તરફ જવા લાગ્યો.

જતા-જતા રસ્તામાં વિચાર આવ્યો કે મારા પત્નીને મારા આવવાના સમાચાર નથી કેવા હું સીધો જ મારા ઘરમાં જઈને તેને ખુશીના સમાચાર આપુ. આમ વિચારતા શેઠ પોતાના ઘરમાં પ્રવેશ કરે છે. રાત્રીનો સમય હતો તેમની પત્ની નિંદરમાં હતા ને સાથે એક જુવાન તેમના ગળે હાથ નાખીને સુતો હતો. આ દૃશ્ય જોતા જ શેઠના ક્રોધની કોઈ સીમા ના રહી અને તેમના મનમાં અનેક પ્રકારના વિચારો એક સાથે આવવા લાગ્યા કે મારી પત્ની માટે ધન કમાવા ગયો. મારી જવાનીના સમયમાં તેના સિવાય કશુજ વિચાર્યું નહિ અને તે પર પુરુષ સાથે સયનકક્ષમાં સુતી છે (હું તેનો વધ કરી નાંખુ. તલવારની શોધમાં આમ-તેમ જોવા લાગ્યો. ત્યાંજ તેનો પગ કોઈ વાસણ સાથે ભટકાતા તેની પત્નીની આંખ ખુલી ગઈ ને પતિને સામે જોતા જ તેને પગે લાગી ગળે વળગી પડી અને કહેવા લાગી તમારા વગર આટલા વર્ષ મેં કેવી રીતે કાઢ્યા તેની મને જ ખબર છે. મે તમને ઘણા જ યાદ કર્યા પણ આમ બધી પત્નીની વાતો સાંભળતા શેઠનો ક્રોધ ઓર વધી ગયો પણ ત્યાંજ જે પેલા વહાણવાળા વ્યક્તિનું વાક્ય યાદ આવ્યું કે : કોઈપણ કાર્ય કરતા પહેલા ૨ મીનીટ વિચારી લેવું.) અને ત્યાંજ તેની પત્નીએ પથારીમાં સુતેલા યુવાનને ઉઠાડીને કહ્યું કે જો બેટા ઊભો થા. તારા પિતાજી આવ્યા છે પરદેશથી તેમને પગે લાગ. યુવાન સફાળો પથારીમાંથી ઉભો થઈને શેઠને પગે લાગે છે અને તેનો માથે બાંધેલો ફેટો પડી જાય છે અને જુએ છે. તો તેના લાંબાવાળ ને તે તેની કન્યા (પુત્રી) હતી. આ જોતાંજ શેઠ કાંઈ બોલે તેના પહેલા શેઠાણીએ કહ્યું કે આ તમારી દીકરી છે. પણ તમે પરદેશ માં હતા એટલે મે તેને દિકરા તરીકે રાખી ને મોટી કરી છે. તમારા જેવા જ સંસ્કાર આપ્યા છે.

અને જે શેઠને ૫૦૦ સોનામહોર વાળુ જ્ઞાનસૂત્ર તે વખતે મોંઘુ લાગ્યુ હતું તેની કિંમત અત્યારે કાંઈજ નો તી. ''કારણ કે શેઠ જો યાદ ના કર્યું હોત કે કોઈપણ કાર્ય કરતા પહેલા બે મિનીટ વિચારી લેવું.'' તો અત્યારે તેનાજ સંતાન અને પત્નીને, ક્રોધના આવેશમાં આવીને મારી નાખ્યા હોત.




## પદયાત્રા અખંડ જીવન જ્યોત - પીપળીયા

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ માધવપીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રીની પ્રેરણા થી ભાવનગર થી પીપળીયા ધામ સુધીની પદયાત્રા. સંવત ૨૦૭૪ કારતક સુદ-દશમ સોમવાર તા. ૩૦-૧૦-૨૦૧૭ ના રોજ રાત્રે ૧૧ કલાકે શિવોમનગર શ્રી માધવાનંદ આશ્રમ ભાવનગરથી પદયાત્રા પ્રસ્થાન થશે અને અગિયારસને મંગળવાર તા. ૩૧-૧૦-૧૭ શુભ દિવસે સવારે પદયાત્રા પીપળીયાધામ પહોંચશે. પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તા. ૩૦-૧૦-૨૦૧૭ ને સોમવારે સાંજે પીપળીયા પધારશે.

પ્રશ્ન : નવા વર્ષમાં શું કરીશું ? જવાબ : પદયાત્રા કરીશું સદ્ગુરૂ ભગવાનના દર્શન કરવા જઈશું.

પ્રશ્ન : ભગવાનનાદર્શન કરવા ક્યાં જઈશું ?

જવાબ : પીપળીયા ધામમાં **અખંડ જીવન જ્યોત** છે. જ્યાં આપણા સદ્ગુરૂ ભગવાન સાક્ષાત બિરાજમાન છે અને સર્વેની મનોકામના પૂર્ણ કરે છે ત્યાં જઈશું. પ.પૂ. શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વેસેવકના હૃદય સમ્રાટ સર્વ સેવના હૃદયમાં પ્રેમ મૂર્તિ રૂપે બિરાજમાન સદ્ગુરૂ ભગવાન મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીની પરમ પવિત્ર અને પાવનકારી જન્મભૂમિ છે. એવા પીપળીયા ધામના આંગણે **અખંડ જીવન જ્યોત** સ્વરૂપે બિરાજમાન છે. ત્યાં નવા વર્ષના આશિર્વાદ મેળવવા અમો પદયાત્રામાં ખૂબ ઉત્સાહ અન પ્રેમથી, શ્રદ્ધા ભક્તિ સાથે જઈશું. તો પ્રસંગે અગિયારસના ઉત્સવમાં પીપળીયા ધામમાં **અખંડ જીવન જ્યોત** મંદિર દર્શનનો લાભ લેવા અવશ્ય પધારશો.


પ્રિતમ દાસજી કહે છે કે : ***સંત સન્મુખ થયામાં સુખ છે ઘણું, ફળ ડગલે ડગલે યજ્ઞ તણું.***

નોંધ : દર મહિનાની સુદ અગિયારસના શુભ દિવસે **અખંડ જીવન જ્યોત**માં બિરાજતા સદ્ગુરૂ ભગવાનના દર્શન કરવા ભાવિક ભક્તો પીપળીયા ધામમાં આવે છે. સર્વે યાત્રીઓ માટે પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

તો આ પદયાત્રામાં વધુ ને વધુ જોડાવા ભાઈ-બહેનો-બાળકોએ લાભ લેવા પધારશો.

આયોજક : વિ. ડી. પટેલ - અધેવાડા (હાલ-ભાવનગર).

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



તા. ૭-૯-૨૦૧૭ - સુરત થી લોનાવાલા (મહારાષ્ટ્ર).

તા. ૧૧-૯-૨૦૧૭ - ચાણોદ પધારશે.

તા. ૧૨-૯-૨૦૧૭ - ઓજરાળા પધારશે.

તા. ૧૩-૯-૨૦૧૭ - ચાણોદ પધારશે.


તા. ૩૦-૯-૨૦૧૭ - સુરત પધારશે..

તા. ૫-૧૦-૨૦૧૭ - શરદ પૂનમ, સુરત ઉજવાશે.

શરદ પૂર્ણિમાં મહોત્સવ પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે સુરત શહેરમાં ધામધૂમથી ઉજવાશે.

તા. ૬-૧૦-૨૦૧૭ - સવારે સુરત થી ચાણોદ પધારશે.

## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ



### શ્રીમદ્ ભાગવત મહાજ્ઞાન યજ્ઞ

પોથીયાત્રા : તા. ૧૨-૯-૧૭, મંગળવારે સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાકે.

કથા પ્રારંભ : ભાદરવા વદ - ૮, તા. ૧૩-૯-૧૭, બુધવાર.

કથા પૂર્ણાહુતિ : ભાદરવા વદ - ૧૪, તા. ૧૯-૯-૧૭, મંગળવાર.

કથા સમય : સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાક.

કથા યજમાન : શ્રી વિનોદભાઈ શિવરામદાસ પ્રજાપતિ, મહેસાણા (બિલ્ડીંગ કોન્ટ્રાકટર)

આયોજક : મહેસાણા પ્રજાપતિ મિત્ર મંડળ

કથા સ્થળ : કચ્છી આશ્રમ સપ્ત સરોવર હરિદ્વાર, ઉત્તરાંચલ

અમાસનો ઉત્સવ તા. ૨૦-૯-૨૦૧૭ના રોજ શ્રી માધવાનંદ આશ્રમ અખંડધામ, આદિવાડા ઉજવાશે. આ કાર્યક્રમમાં પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ હાજરી આપશે.



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ હરિદ્વાર રોકાશે.

વેબસાઈટ : www.omshreemadhavanandji.org

GET IT ON Google play · Download on the App Store








પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સારગજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નિમિતે તા.૧૫/૦૮/૨૦૦૧૭ મંગળવારના રોજ સવારે વહેલા ૫:૦૦ કલાકે ધુન, કીર્તન, ગરબા લેતા, માધવ પરંપરાના બધા જ ગુરૂજીની પ્રતિમાં સાથે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5 th OF EVERY MONTH

**Printed Book**



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યશ્રીની અધ્યક્ષતામાં સુરત મુકામે શ્રી માધવાનંદ આશ્રમમાં તા.૧૫/૮/૨૦૧૭ ના શુભ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ ધામધુમથી ઉજવાયો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-